Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN: 2321- 4708
Sept. 2021, Year - 8 (101)
Paper ID: RRJ453710

# આર્થિક વિકાસનો ખ્યાલ

પ્રો. વીણા અગ્રવાલ
અર્થશાસ્ત્ર વિભાગ,
ઠાકોશ્રી મૂળવાજી વિનયન કોલેજ, કોટડાસાંગાણી

---

વિશ્વમાં આવતી પ્રત્યેક સવાર સહુ માટે અલગ અલગ સંદેશા લાવે છે. કેટલાક પોતાનાં ઘરમાં આરામની પળો માણે છે. સવારની ચા કે કોફી સાથે શાંતિથી બેસીને વર્તમાનપત્ર વાંચે છે અથવા સવાર ના સમાચાર રેડિયો–ટેલિવિઝન પર સાંભળતાં–જોતાં બાકીના દિવસનું આયોજન કરે છે. પણ વિશ્વની મોટા ભાગની વસ્તી માટે તો પ્રત્યેક દિવસની સવાર અસ્તિત્વ ટકાવી રાખવાનાં સંદર્યનો આરંભ હોય છે. ગરીબો તરીકે ઓળખાતા આ લોકો માટે આરામ કલ્પનાનો વિષય બની રહે છે. આવી પરિસ્થિતિનું નિર્માણ કેવી રીતે, કેમ થયું ? કયાં સુધી આ પરિસ્થિતિ ચાલુ રહેશે ? તેમાંથી બહાર નીકળવાનો ઉપાય છે ખરો ? આવા અને આને સંબંધિત પ્રશ્નોનો ઉત્તર છે 'વિકાસ'.

જયાં સુધી અવિકસિત દેશોના લોકોમાં વિકાસ સાધવાની ઝંખના જાગતી નથી, ત્યાં સુધી તે દેશનું અર્થતંત્ર અલ્પવિકસિત અવસ્થામાંથી બહાર નીકળી શકતું નથી. આમ, અવિકસિત અવસ્થામાંથી બહાર નીકળવા માટેની પાયાની શરત એ છે કે લોકો જે કંગાળ અને દયનીય સ્થિતિમાં જીવી રહ્યા છે. તેમાં તેને અજંપો પેદા થવો જોઈએ અને વધુ સારી સ્થિતિમાં જીવવાની ઝંખના પેદા થવી જોઈએ. આ અજંપો અને વધુ સારી સ્થિતિમાં જીવવાની ઝંખના જ આર્થિક વિકાસમાં જોડાવા માટેની ચાવી છે. રાષ્ટ્રના લોકોમાં એકવાર આ ઝંખના પેદા થઈ જાય પછી આર્થિક વિકાસના દ્વાર ખૂલી જાય છે અને આર્થિક વિકાસમાં આગળ વધતાની સાથે લોકોને પોતે પહેલાં કરતાં સારી સ્થિતિમાં જીવી રહ્યાં હોય તેવી અનુભૂતિ થવા લાગે છે. એટલું જ નહીં પરંતુ ત્યાર પછી પણ વધુને વધુ સારી સ્થિતિ કેમ પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નોને જીવનલક્ષ બનાવી દે છે. આથી આર્થિક વિકાસ એક ક્ષણિક ઘટનાને બદલે સતત ચાલતી એક નિરંતર પ્રક્રિયાનું સ્વરૂપ ધારણ કરે છે અને



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ453710

આર્થિક વિકાસ જેમ જેમ આગળ ચાલતો જાય છે તેમ તેમ અર્થતંત્રમાં ગતિ પેદા થાય છે. આજે વિશ્વના બધા દેશો આર્થિક વિકાસની સિદ્ધિઓને એક મહાન આશીર્વાદરૂપ ઘટના ગણે છે. પરંતુ આ આર્થિક વિકાસ સાધવાનું કાર્ય આપણે ધારીએ છીએ તેટલું સરળ અને સહેલું નથી. પરંતુ અતિ કઠિન છે તેથી તેને હાંસલ કરવાનું કાર્ય એક મહાન પડકારરૂપ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે એક જટિલ સમસ્યા છે. ૧૯મી સદી સુધી આર્થિક વિકાસનો ખ્યાલ વિશ્વના આગળ પડતા દેશો પૂરતો મર્યાદિત હતો, પરંતુ ૨૦મી સદીના પૂર્વાધમાં સર્જાયેલ પ્રથમ વિશ્વયુદ્ધ, મહામંદી અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વના વિવિધ દેશોને દુ:ખદ યાતનાઓમાંથી પસાર થવાની ફરજ પડયા બાદ તેમાંથી બહાર નીકળવા માટે આર્થિક વિકાસનું મહત્વ સમજાયું. ત્યારબાદ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં સામ્રાજયવાદની માયાજાળમાંથી મુકત થયેલ પછાત દેશોએ આર્થિક વિકાસ કરવા માટે આર્થિક વિકાસનો એક જડીબુટ્ટીના સ્વરૂપે સ્વીકાર કર્યો અને આજે વિશ્વના બધા જ દેશોએ પછી તે વિકસિત હોય, વિકસતા હોય કે અલ્પવિકસિત હોય આ આર્થિક વિકાસની વિચારધારાનો સર્વાનુમતે સ્વીકાર કર્યો છે. અલબત્ત વિકસિત અને વિકાસ સાધતા કે અલ્પવિકસિત દેશોના આર્થિક વિકાસના ઉદ્દેશ સમાન હોતા નથી. જેમ કે વિકસિત દેશોનો આર્થિક વિકાસ સાધવાનો મુખ્ય ઉદ્દેશ આર્થિક વૃદ્ધિના દરને જાળવી રાખવાનો હોય છે કે જેથી પોતાના દેશના લોકોનું ઊંચું જીવનધોરણ સતત જળવાય રહે અને તેના કલ્યાણ માં વૃદ્ધિનો ક્રમ સતત આગળ ચાલતો રહે. જયારે વિકાસ સાધતા કે અલ્પવિકસિત દેશોનો આર્થિક વિકાસ સાધવાનો મુખ્ય ઉદ્દેશ આર્થિક ક્ષેત્રે ઝડપી પ્રગતિ સાધવાનો હોય છે કે જેથી પોતાના દેશની પ્રજાની ગરીબાઈ અને બેરોજગારીમાં ઘટાડો થાય અને તેના દ્વારા તેઓના જીવનધોરણમાં સુધારો કરવાનું શકય બની શકે. આમ, વિકસિત રાષ્ટ્રો માટે આર્થિક વૃદ્ધિની જાળવણી એ પ્રાણ પ્રશ્ન છે, જયારે વિકાસ સાધતા અને અલ્પવિકસિત દેશો માટે ઝડપી આર્થિક વિકાસ સાધવો તે પ્રાણ પ્રશ્ન છે. બીજા વિશ્વયુદ્ધ પછીના સમયમાં સ્વાતંત્ર પામેલા નવોદિત રાષ્ટ્રોના આયોજિત આર્થિક વિકાસનો પ્રારંભ કરનાર ભારત પ્રથમ રાષ્ટ્ર હતું.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ453710

ઐતિહાસિક દષ્ટિએ આયોજનની વિભાવના ઘણી જૂની છે. મહાન ગ્રીક દાર્શનિક પ્લેટોએ ઈ.સ. પૂર્વેની ચોથી સદીમાં આયોજનની વિભાવના રજૂ કરી હતી. પરંતુ વૈજ્ઞાનિક દષ્ટિએ આયોજનની વિભાવના ૧૯૨૮ની આસપાસ વિશેષ લોકપ્રિય બની. ૧૯૨૮માં આયોજન દ્વારા આર્થિક વિકાસનો પ્રારંભ રશિયાએ કર્યો હતો. રશિયન આયોજનને અર્થતંત્રના કેટલાક અનિષ્ટો દૂર કરવામાં સારી સિદ્ધિ મળી, ત્યાર પછી વિશ્વના ગરીબ દેશોનું ધ્યાન આયોજન તરફ કેન્દ્રિત થયું છે. વર્તમાન યુગને ચિંતકો વધતી જતી માનવ આકાંક્ષાઓની ક્રાંતિના યુગ તરીકે વર્ણવે છે, આ વધતી જતી માનવ આકાંક્ષાની ક્રાંતિની સિદ્ધિ આયોજિત વિકાસ દ્વારા શકય છે. તેમ વિશ્વના ગરીબ દેશોને લાગ્યું છે. ભારતે ઈ.સ. ૧૯૫૧માં પ્રથમ યોજનાનો આરંભ કરેલો, ત્યારે ભારતીય આયોજિત વિકાસના આ ભવ્ય પ્રયોગ સામે ભારે આશા જાગૃત થઈ હતી. આજે ભારતીય આયોજનના ૫૮ વર્ષ પૂરા થઈ ગયા છે, ત્યારે આયોજિત આર્થિક વિકાસનું સરવૈયું રજૂ કરવું આવશ્યક છે. ભારતીય આયોજિત વિકાસની મોટી સિદ્ધિ એ છે કે, વિકાસની સાથે ભારતમાં લોકશાહી જીવંત રહી છે. આજે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાની સંયુકત જનસંખ્યા કરતા પણ વિશેષ સંખ્યામાં ભારતીય નાગરિકો લોકશાહીની સ્વતંત્ર હવાસી રહ્યા છે. પો. રોસ્ટોવે છેલ્લા પાંચ દાયકામાં જીવંત રહેલી ભારતીય લોકશાહીને યુદ્ધોત્તર જગતની સૌથી અગત્યની ઘટના ગણાવી છે. આ રીતે લોકશાહી પ્રક્રિયા દ્વારા આયોજિત વિકાસ ભારતની મહત્વની સિદ્ધિ છે. વિશ્વ બેંકના અહેવાલે દર્શાવ્યું છે કે, ભારતીય વિકાસ માટે બે મહત્વના સાનુકૂળ પરિબળો ભારતમાં છે. કુશળ શ્રમિકોનો વિપુલ પુરવઠો અને વિકાસ પૂરતી મૂડીની ઉપલબ્ધિ. ભારતે આર્થિક વિકાસ માટે આયોજનની પ્રક્રિયા શરૂ કર્યાને ૫૮ વર્ષ પૂરા થયા છે. વ્યકિતના જીવનમાં ૫૫ વર્ષનો સમય મહત્વનો ગણાય, પરંતુ રાષ્ટ્રીય વિકાસ એ લાંબાગાળાની પ્રક્રિયા છે, વ્યક્તિઓ મૃત્યુ પામે છે, પરંતુ વ્યક્તિઓનો બનેલો સમાજ શાશ્વત છે, તેથી રાજય લાંબાગાળાના ભવિષ્યનો વિચાર કરીને, એટલે કે આવતી પેઢીનો વિચાર કરીને વિકાસની વ્યુહ રચના ઘડે છે, કેમ કે રાજય સમગ્ર સમાજનું ટ્રસ્ટી છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ453710